# આકાશવાણી -ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરરાઈઝ: મીત  ગોર

તારીખ:૦૬-૦૭-૨૦૨૩  સોમવાર  સમય: સાંજે : ૬:૨૫

## આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ - કેન્દ્રિય સહકારિતા મંત્રી અમિત શાહે

આગામી પાંચ વર્ષમાં જ્યાં કોઈપણ સહકારી સંસ્થા નથી તેવી દેશની બે લાખ ગ્રામ પંચાયતોમાં બહુ ઉદ્દેશીય પ્રાથમિક કૃષિ સહકારી ધિરાણ સંસ્થાઓ સ્થાપવામાં આવશે એમ કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું હતું.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 102મા આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ પ્રસંગે આયોજિત કાર્યક્રમ સહકારથી સમૃધ્ધિમાં તેમણે જણાવ્યું કે, ખેડૂતો પાસેથી મકાઈની ખરીદી કરીને ઈથેનૉલ બનાવવામાં આવશે. દેશમાં જૈવિક ચીજવસ્તુઓને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ યથાવત્ છે એમ તેમણે ઉમેર્યું હતું.શ્રી શાહે લોકોને પ્રાકૃતિક લોટ ખરીદવાની પણ અપીલ કરી હતી.

કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પ્રાથમિક સહકારી મંડળીના આર્થિક સશક્તિકરણ અને સહકારી ક્ષેત્ર માટે ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે લીધેલા પગલાંઓને બિરદાવ્યા હતા અને આગામી સમયમાં ગુજરાતમાં સહકારી ક્ષેત્રના સશક્તિકરણ માટેની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

RNU AHMDABAD

---

## શિક્ષણ બોર્ડે  2024-25 નું કેલેન્ડર પ્રસિધ્ધ કર્યું

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની વર્ષ 2025ની ધોરણ 10 અને ધોરણ 12ની પરિક્ષા માર્ચને બદલે ફેબ્રુઆરીમાં યોજાશે. શિક્ષણ બોર્ડે 2024-25નાં પ્રસિધ્ધ કરેલા કેલેન્ડર પ્રમાણે ધોરણ 10 અને 12ની પરિક્ષા 27 ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે અને 13 માર્ચનાં રોજ પૂર્ણ થશે. અત્યાર સુધી ગુજરાત બોર્ડની પરિક્ષા માર્ચમાં શરૂ થતી હતી.

કેલેન્ડર અનુસાર  વર્ષ દરમિયાન 237 દિવસનો અભ્યાસ કરાવવામાં આવશે. પ્રથમ શૈક્ષણિક સત્ર 27 ઓક્ટોબર સુધી ચાલશે, ત્યારબાદ 28 ઓક્ટોબરથી 21 દિવસનાં દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. બીજું સત્ર 18 નવેમ્બરથી શરૂ થશે. ઉનાળુ વેકેશન 5 મે થી 8 જૂન સુધીનું રહેશે. શૈક્ષણિક વર્ષ દરમિયાન 18 જાહેર રજાઓ તથા 6 સ્થાનિક રજાઓ રહેશે.

RNU AHMDABAD

## મિશન શક્તિ” યોજના હેઠળ અવેરનેસ ડ્રાઈવ

મિશન શક્તિ” યોજના હેઠળ ૧૦૦ દિવસીય સ્પેશીયલ અવેરનેસ કમ એનરોલમેન્ટ ડ્રાઈવ અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન રાવલના માર્ગદર્શન હેઠળ "સંકલ્પ" હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન કચ્છની ટીમ દ્વારા ૧ જૂલાઇથી ૫ જૂલાઇ સુધીભારતીય ન્યાય સંહિતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ના કાયદાઓમાં મહિલાઓ અને બાળકોને માટેજે સુધારા કરવામાં આવેલા છે તે ને રાખીને જાગૃતિ કાર્યક્રમોનુંઆયોજન , ભુજના સ્લમ વિસ્તાર, ભુજ, એસ.ટી. ડેપો સહિત ના સ્થળોએ કરવમાં આવ્યું હતું જેમાં કાયદામાંસુધારા બાબતે માહિતી આપવામાંઆવી હતી. ઉપરાંતમહિલાલક્ષી યોજનાની માહિતી આપવામાં આવી હતી.

માહિતીખાતું

---

## વાહન ચેકિંગની ઝુંબેશ

પોલીસ વિભાગ દ્વારા જિલ્લા મથક ભુજ અને પશ્ચિમ વિભાગમાં નિયમભંગ કરતા વાહનચાલકો સામે કાયદેસરની કાર્યવાહી અંતર્ગત વાહન ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ભુજ તેમજ પશ્ચિમ વિભાગ ના તાલુકા મથકોએ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવ અન્વયે વાહન ચાલકો સામે મોટા પાયે કાર્યવાહી કરવામાં આવી હતી.

પશ્ચિમ કચ્છ જિલ્લામાં તમામ તાલુકા મથક તેમજ ભુજ શહેર વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ્સ ઉપર વાહન ચેકિંગની ઝુંબેશ હાથ ધરવા માટે મેગા ડ્રાઇવનું આયોજન કરાયું હતું.

NP/કલ્પના શાહ

---

## અમરનાથ યાત્રાને ભારે વરસાદ ને પગલે સ્થગિત

**જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદના કારણે શનિવારે અમરનાથ તીર્થયાત્રાને અચોક્કસ મુદત માટે સ્થગિત કરવામાં આવી છે. ઉત્તર અને દક્ષિણ કાશ્મીરના બંને બેઝકેમ્પથી યોજાનારી યાત્રાને હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી છે.**

RNU AHMDABAD

---

# કચ્છી નવા વર્ષની અને રથયાત્રાની તૈયારીઓ

જીલ્લા માં આવતીકાલે અષાઢી બીજ અને કચ્છી નવા વર્ષની ઉજવણી હર્ષભેર કરાશે ત્યારે જીલ્લા માં ઠેરઠેર ભગવાન જગન્નાથજીની રથયાત્રાની  તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આવતીકાલે  ભુજ પ્રસાદી સ્વામિનારાયણ મંદિર દ્વારા 10મી રથયાત્રા માટેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો  છે. આ માટેના રથનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે જ્યારે રથના શણગાર માટેની કામગીરી  ચાલી રહી છે.

આવતીકાલ બપોરે  હમીરસર તળાવ પાસેના મહાદેવ ગેટ સર્કલ થી સંતો મહંતો  અને મહાનુભાવોની ઉપસ્થિતમાં રથયાત્રા પ્રસ્થાન પામશે, જેનું  શહેરના મુખ્ય માર્ગો પર ફરી નૂતન સ્વામિનારાયણ મંદિરે સમાપન થશે.

તો ગાંધીધામ સંકુલમાં મોટી સંખ્યામાં  ઓરીસ્સાના રહેવાસીઓ વસવાટ કરે છે ત્યારે વર્ષોથી અહી રથયાત્રા કાઢવામાં આવે છે. આ વર્ષે પણ તમામ તૈયારીઓ થઈ ચુકી છેઆવતીકાલે  ભગવાન ભાઈ બહેન સાથે નગરચર્યા માટે નિકળશે અને  પરંપરા અનુસાર રેલવે કોલોનીમાં રોકાશે, ત્યારબાદ બહુડા યાત્રા નિકળશે.અત્રે ઉલેખનીય છે કે રથ બનાવવા માટે  ઓરીસ્સાથી વિશેષ કારીગરોને બોલાવવામાં આવ્યા છે. જેઓ બે મહિનાથી રથને બનાવી રહ્યા છે, રથની ચોતરફ ભગવાન વિષ્ણુના તમામ અવતારોનું ચીત્રણ કરાયું છે.

NP/કલ્પના શાહ